Extra No. 332

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 23, 2025 / ASVINA 1, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખઃ ૧૭મી જુલાઈ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીઆર-૨૦૨૫-૧૦૩-એલઈડી/એમટીઆઇ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૨/૧૧૬૪/એમ૧-સેકશન-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Assistant Director, Boilers, Class-II in the Gujarat Boiler Services, under the Commissionerate of Labour Recruitment Rules, 2025

શ્રમ આયુક્તની કચેરી હેઠળની ગુજરાત બોઈલર સેવામાં, મદદનીશ નિયામક, બોઈલર વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જુલાઈ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીઆર-૨૦૨૫-૧૦૩-એલઈડી/એમટીઈ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૨/૧૧૬૪/એમ૧-સેકશનઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, શ્રમ આયુક્તની કચેરી હેઠળની ગુજરાત બોઈલર સેવામાં, મદદનીશ નિયામક, બોઈલર વર્ગ-૨ ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો શ્રમ આયુક્તની કચેરી હેઠળની ગુજરાત બોઈલર સેવામાં, મદદનીશ નિયામક, બોઈલર વર્ગ-૨ ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં, તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. શ્રમ આયુક્તની કચેરી હેઠળની ગુજરાત બોઈલર સેવામાં, મદદનીશ નિયામક, બોઈલર વર્ગ-૨ ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે,

ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણે ઉપલી વયમર્યાદાને હળવી કરવાને સંબંધિત હોય તેટલે સુધી લાગુ પડશે નહિ.

(ખ) ઊંચાઈમાં ૧૮૦ સે.મી.થી વધુ નહિ અને છાતીનો ઘેરાવો ૧૦૫ સે.મી.થી વધુ નહિ તેવો સારો શરીરનો બાંધો ધરાવતો હોવો જોઈશે અને બોઈલરના મેનહોલમાં સરળતાથી પ્રવેશીને, તેની જ અંદર કુશળતાપૂર્વક વ્યવસ્થા કરીને, પોતાની જાતને સંપૂર્ણપણે ગોઠવી શકે તેવો હોવો જોઈશે;

(ગ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મિકેનિકલ/પ્રોડક્શન/પાવર પ્લાન્ટ/મેટેલર્જિકલ એન્જિનિયરીંગમાં સ્નાતકની અથવા બેચલર્સ ઈન ટેક્નોલોજીની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે,

(૨) બોઈલર ઓપરેશન નિયમો, ૨૦૨૧ હેઠળ અથવા બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ કેન્દ્ર અથવા રાજ્ય સરકારે, આ સંબંધમાં કરેલા અન્ય કોઈ નિયમો હેઠળ મંજૂર કરેલ બોઈલર ઓપરેશન એન્જિનિયર તરીકે કુશળતાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે;

(ઘ) બોઈલરની ડિઝાઈન, બાંધકામ, નિર્માણ, સંચાલન, પરીક્ષણ, મરામત, જાળવણી અથવા નિરીક્ષણમાં અથવા બોઈલર અધિનિયમ, ૧૯૨૩ અને તે હેઠળ કરવામાં આવેલા નિયમો અને વિનિયમોના અમલીકરણમાં તકનિકી (ટેકનિકલ) કર્મચારી તરીકે આશરે બે વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ચ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(છ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવી જોઈશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી માટેની લાયકી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૭. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૯. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરાં પાડવાં જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દ્રષ્ટિ શાહ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.30 16:50:08 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar